# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

## " પે એન્ડ પાર્ક " પાર્કિંગ માટે ટેન્ડર નોટીસ

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના પાર્કિંગ માટે નક્કી કરેલ ઓવરબ્રિજની નીચેની જગ્યામાં "પે એન્ડ પાર્કિંગ "નાં ધોરણે વાહનો પાર્કિંગનો કોન્ટ્રાક્ટ આપવા ટેન્ડર કમ હરાજી બાબત

**(ટેન્ડર નં.AUDA/Parking/............/2025-26)**

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના જુદા જુદા વિસ્તારોમાં આવેલા જુદા જુદા સત્તામંડળની માલિકીના ઓવરબ્રિજની નીચેની જગ્યામાં જાહેર જનતાની સગવડ માટે વાહનોના પાર્કિંગનો કોન્ટ્રાક્ટ, ટેન્ડર કમ હરાજીથી ૩(ત્રણ) વર્ષની મુદત માટે આપવા સીલબંધ કવરમાં ઓફરો મંગાવવામાં આવે છે. ટેન્ડર સીલ બંધ કવરમાં તા.___/___/૨૦૨૫ના રોજ બપોરે ___.____ વાગ્યા સુધીમાં ટેન્ડર ફોર્મમાં જણાવેલ સ્થળે **(અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.)** નિયત સમયમર્યાદામાં મળી જાય તે રીતે રૂબરૂમાં/ RPADથી / સ્પીડ પોસ્ટથી / કુરિયર મારફતે મોકલી આપવાના રહેશે.

| | |
|---|---|
| **હરાજીનું સ્થળ** | **અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.** |

| **ટેન્ડર નં.** | **હરાજીની તારીખ તથા સમય** |
|---|---|
| | સત્તામંડળ નક્કી કરે તે તારીખ અને સમયે અરજદારશ્રીએ હાજર રહેવાનું રહેશે. |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

આ અંગેની વિગતો સહિતનાં ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની વેબ સાઈટ www.auda.org.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર સ્વીકાર કે અસ્વીકારની સત્તા સત્તામંડળની રહેશે.

**સહી/-**
**મુખ્ય કારોબારી અધિકારી**
**ઔડા, અમદાવાદ**

# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

**ટેન્ડર નં.** :- AUDA/Parking/......../.............

**અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના સામેલ પત્રક-"બ" મુજબના પાર્કિંગની જગ્યાઓમાં "પે એન્ડ પાર્ક" નાં ધોરણે જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો કોન્ટ્રાકટ માટેની ઓફર અંગેનું એકરારનામું**

હું નીચે સહી કરનાર.........................................................................................., અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હસ્તકની જગ્યા (પાર્કિંગનું સ્થળ) : ................................................., અમદાવાદ ઉપર "પે એન્ડ પાર્ક"ના ધોરણે પાર્કિંગનો કોન્ટ્રકટ આપવા માટે જે ટેન્ડર કમ હરાજીથી ઓફરો મંગાવેલ છે. તેના અનુસંધાનમાં પાર્કિંગનો ૦૩ (ત્રણ) વર્ષ માટેનો કોન્ટ્રકટ લેવા માટે વાર્ષિક લાયસન્સ ફી ની રકમ પેટે રૂ........................................, અંકે રૂપિયા ............... .................. ........................... ......................ની ઓફર આપું છુ.

સદરહુ ટેન્ડર સાથે ટેન્ડર ફોર્મની કિંમત પેટે રૂ.૧,૫૦૦, અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરાનો .................................. બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ..............................તા. ........................નો સામેલ કરેલ છે. તથા અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ પેટે રૂ........................................, અંકે રૂપિયા ............... ................... ........................................... પુરાનો .................................. બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ..............................તા. ........................નો સામેલ કરેલ છે.

આ ટેન્ડર ફોર્મમાં જણાવેલ ટેન્ડર કમ હરાજીની તમામ શરતો મે પુરેપુરી વાંચી છે અને સમજી છે અને તે પ્રમાણે વર્તવાની હું બાંહેધરી આપું છુ. અને પરવાનો લેવા સારૂ બંધાઉં છુ.

.......................................

ટેન્ડર ભરનારની સહી

ટેન્ડર ભરનારનું નામ અને સરનામું:

નામ:................................................................................................

સરનામું :...........................................................................................

...............................................................................................

ફોન નં. (રહે).............................................(મો.)........................................

સંસ્થાનું નામ /સહી સિક્કો

# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

**ટેન્ડર નં.:-** AUDA/Parking/......../.............

**<u>અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની સામેલ પત્રક-"બ" મુજબની જગ્યામાં "પે એન્ડ પાર્ક"નાં ધોરણે જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો કોન્ટ્રાકટ માટેની ઓફર અંગેનું ટેન્ડરફોર્મ અને શરતો</u>**

**અનુક્રમ નં. ૧ થી ૩ નાં ટેન્ડર ફોર્મની કિંમત:** રૂ.૧,૫૦૦/-(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)

**ટેન્ડર મોકલવાનું સ્થળ:** મુખ્ય કારોબારી અધિકારીશ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

**ટેન્ડર સ્વીકારવાની તારીખ:** ...................... નાં રોજ ............... કલાકે ઉપરોક્ત સ્થળે સ્વીકારશે.

| અ.નં. | ટેન્ડરની વિગતો | પરવાનાની મુદત | અપસેટ વેલ્યુ (વાર્ષિક લાયસન્સ ફી)રૂ. |
|---|---|---|---|
| ૧. | ટેન્ડર નં AUDA/Parking/............./2025-26 વાળી સત્તામંડળની માલિકીના પાર્કિંગની જગ્યા (સ્થળ:.................................................................................................)માં પે એન્ડ પાર્કનાં ધોરણે (પત્રક-'બ' મુજબ) જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો પરવાનો આપવા બાબતે. | ૦૩(ત્રણ) વર્ષ | રૂ. ................................. (પત્રક -'બ' માં જણાવ્યા મુજબ) |

**<u>ટેન્ડરની શરતો:</u>**

૧. ટેન્ડર ફોર્મ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની વેબસાઈટ www.auda.org.in ઉપરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફોર્મની કિંમત પેટે રૂ.૧,૫૦૦/- નો “અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ” ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. જે નોન રીફંડેબલ રહેશે. ટેન્ડર દીઠ અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે.

૨. દરેક ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં તા......................... નાં રોજ .................... કલાક સુધીમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ખાતે પહોંચતું કરવાનું રહેશે. ત્યાર પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહી. ટેન્ડરના કવર ઉપર "(ટેન્ડર નંબર/ પાર્કિંગની જગ્યાનું નામ/સ્થળ)" પે એન્ડ પાર્ક માટેનું ટેન્ડર, અરજદારશ્રીનું નામ.......................................................સરનામું........................................................ કોન્ટેક નંબર..........................સ્પષ્ટ લખવું.

૩. ટેન્ડર ફોર્મ સાથેના પત્રક “બ”માં જે તે જગ્યા સામે દર્શાવ્યા મુજબની અર્નેસ્ટમની ડીપોઝીટની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર, "અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ"ના નામનો ટેન્ડર ભરનારે સામેલ કરવાનો રહેશે. તથા ફોર્મ ભરનાર અરજદાર/ટેન્ડરર દ્વારા પાનકાર્ડ, આધારકાર્ડ રજુ કરવાના રહેશે. ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટના ડીમાન્ડ ડ્રાફ્ટ સિવાયનું ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૪. હરાજી માટે સત્તામંડળ દ્વારા અલગથી જણાવેલ તારીખે અને સમયે હાજર રહેવાનું રહેશે.

૫. જે ઓફરદારના નામે ટેન્ડર ભરાયેલ હોય, તે ઓફરદાર સ્વયં કે તેઓ દ્વારા અધિકૃત કરાયેલ પ્રતિનિધિ જ ટેન્ડર કમ હરાજીમાં ભાગ લઈ શકશે. અન્ય કોઈ વ્યકિત હરાજીમાં સીધો ભાગ લઈ શકશે નહી.

૬. ટેન્ડરમાં આવેલ ઓફરો પૈકી જે મહત્તમ ઓફર હશે, તેની ઉપર હરાજીમાં ભાગ લેનારે બોલી બોલવાની રહેશે. દરેક બોલી વખતે મિનિમમ બોલી રૂપિયા ૫૦૦૦/-ના ગુણાંકમાં બોલવાની રહેશે.

૭. ટેન્ડર મંજૂર કર્યેથી અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ, વાર્ષિક લાયસન્સ ફી તરીકે મજરે આપવામાં આવશે.

૮. ઓફરદારને ફાળવેલ ટેન્ડર જો સ્વીકારવાની ના પાડે તો અર્નેસ્ટમની ડીપોઝીટ પેટેની રકમ જપ્ત કરવામાં આવશે.

૯. ટેન્ડરનો પરવાનો આપ્યા બાદ જ બાકી રહેતા ઓફરદારોની અર્નેસ્ટમની ડીપોઝીટ પેટેની રકમ પરત આપવામાં આવશે.

૧૦. ટેન્ડરમાં કોઈ શરત મુકવાની નથી. શરતી ટેન્ડરફોર્મ રદ્દ કરવામાં આવશે.

૧૧. પરવાનાની મુદ્દત ૦૩ (ત્રણ) વર્ષની રહેશે અને જે તારીખે કબજો સોપવામાં આવશે તે તારીખથી ૦૩ (ત્રણ) વર્ષ ગણવામાં આવશે. તથા જો યોગ્ય/ જરૂર જણાશે તો સત્તામંડળ વધુ ૨ વર્ષ મુદ્દત વધારી શકશે. તે અંગે સત્તામંડળનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૨. ટેન્ડર સાથે સામેલ “પત્રક-બ”માં જે તે જગ્યા સામે દર્શાવ્યા મુજબની અપસેટ વેલ્યુ(મીનીમમ વાર્ષિક લાયસન્સ ફી) દર્શાવવામાં આવેલ છે. તેનાથી ઓછી રકમની ઓફર સ્વીકારવામાં આવશે નહિ.

૧૩. વાહન પાર્કિંગ અંગે લેવાની ફીનું ધોરણ સામેલ પત્રક "અ" મુજબનું રહેશે. સદરહુ પાર્કિંગના દરો GST સાથેના છે. જેમાં દર્શાવેલ પાર્કિંગ ફી ના ધોરણ ટેન્ડરમાં દર્શાવેલ મુદ્દત દરમ્યાન અમલમાં રહેશે. તેમાં કોઈ વધારો કરી શકાશે નહી. તથા નાગરિકો પાસેથી અલગથી GST વસૂલી શકાશે નહી.

૧૪. આ નક્કી કરેલ જગ્યાએ યોગ્ય રીતે વાહનો પાર્ક કરાવવાના રહેશે તથા પાર્કિંગ કરવા માટે નક્કી કર્યા કરતાં વધુ ચાર્જ/ફી વસૂલ નહી કરવાની શરતે મર્યાદિત પરવાનો આપવામાં આવે છે. પરવાનેદાર આ પરવાનો કોઈ પણ વ્યક્તિને ટ્રાન્સફર કરી શકશે નહી. પરવાનેદારે પાર્કિંગની જગ્યાએ ઓળખપત્ર સાથેના પોતાના માણસો રાખવાના રહેશે. તથા પરવાનેદારે તેઓના નામ, ફોટો વિગેરે વિગત ધરાવતાં ઓળખપત્ર આપવાના રહેશે. પાર્કિંગ માટે આવતાં નાગરિકો સાથે સંયમ અને વિનયપૂર્વક વ્યવહાર કરવાનો રહેશે.

૧૫. વાહન પાર્કિંગ ફી અંગેની પહોંચ દરેક વાહન પાર્ક કરનારને આપવાની રહેશે. આ પહોંચ નક્કી કરેલ શરતે આપવાની રહેશે. તેમજ જાહેર જનતા દૂરથી જોઈ શકે તે પ્રમાણે વાહન પાર્કિંગ ફીના ધોરણ દર્શાવતું બોર્ડ સ્થળે રાખવાનું રહેશે. અને કાયમી ધોરણે નિભાવવાનું રહેશે.

૧૬. આ જગ્યાની સફાઈ અને સાચવણીની તેમજ રીપેરીંગની જવાબદારી પરવાનેદારની રહેશે. ગેટના રીપેરીંગ તથા જાળવણીની જવાબદારી પરવાનેદારની રહેશે. જગ્યાનો કબજો સોંપ્યા બાદ તમામ પ્રકારની વ્યવસ્થા કે સુવિધા ઓફરદારે જાતે સ્વખર્ચે કરવાની રહેશે. પાર્કિંગવાળી જગ્યા પર લાઈટ/પ્રકાશની પુરતી વ્યવસ્થા પરવાનેદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૧૭. સ્થળ પર પરવાનેદારે પાર્કિંગ જગ્યા માર્ક કરવાની રહેશે. સ્થળે આવેલાં વૃક્ષો કાપી શકાશે નહીં.

૧૮. વાહન પાર્કિંગ અંગે આપવામાં આવનારા ટોકન પહોંચો વિગેરેની વ્યવસ્થા પરવાનેદારે પોતાના સ્વખર્ચે રાખવાની રહેશે. વધુમાં સમગ્ર “પે એન્ડ પાર્ક” ચલાવવા અંગેની કાર્યવાહી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પાર્કિંગ માટે જો કોઈ મોબાઈલ એપ્લિકેશન ડેવલપ કરવામાં આવે તો તેના માધ્યમથી પરવાનેદારે કરવાની રહેશે તથા તે એપ્લીકેશનને સપોર્ટ કરતા સાધન પૂરતા પ્રમાણમાં પરવાનેદારે સ્વખર્ચે લાવવાના રહેશે અને તે આધારે ટોકન પહોંચો આપવાની રહેશે.

૧૯. પાર્કિંગ માટે નિયત કરેલ જગ્યાએ નિયત માત્રામાં જ વાહનો પાર્કિંગ કરી શકાશે. તે સિવાયની જગ્યા પાર્કિંગ માટે વાપરી શકાશે નહી. આ સમગ્ર જગ્યાની માલિકી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની છે.

૨૦. ચાલુ હાલતમાં હોય તેવા જ વાહનો પાર્ક કરી શકાશે. બંધ વાહનો પાર્ક કરી શકાશે નહિ. લારી કે હાથલારી પાર્ક કરી શકાશે નહી. તથા વાહનો પાર્કિંગ સિવાય અન્ય કોઇપણ પ્રકારે ઉપયોગ કરી શકાશે નહી.

૨૧. પાર્કિંગની જગ્યા પર પરવાનેદાર કોઈ પણ પ્રકારનું બાંધકામ કરી શકશે નહી.

૨૨. પાર્કિંગમાં પાર્ક થયેલ વાહનોમાં કોઇપણ પ્રકારનો ધંધો જેવો કે કેસેટ વેચાણ, પાન પાર્લર, ખાદ્ય કે અન્ય વસ્તુઓનું વેચાણ કરી શકાશે નહી કે તે પ્રકારના વાહનો પાર્ક કરવા દેવામાં આવશે નહી.

૨૩. ટેન્ડર મંજૂર થયાની જાણ કરેથી ૧૦(દસ) દિવસમાં પરવાનેદારે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના એસ્ટેટ શાખા ખાતે સિક્યુરિટી ડીપોઝીટ પેટે વાર્ષિક ઓફરની ૧૫% રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ /પે ઓર્ડરથી ભરવાની રહેશે.

૨૪. ટેન્ડર મંજૂર થયાની લેખિત જાણ કર્યા તારીખથી ,

(અ) દિન -૧૦(દસ) માં એક વર્ષની લાયસન્સ ફી ની ૫૦% રકમ એડવાન્સ જમાં કરાવવાની રહેશે.

(બ) પ્રથમ છ માસની લાયસન્સ ફી જમા થયાના ચાર માસમાં બાકી લાયસન્સ ફી જમા કરાવવાની રહેશે. નિયત સમયમાં લાયસન્સ ફી ભરવામાં નહી આવે તો પરવાનો રદ્દ કરવામાં આવશે.

૨૫. GST સહિતના તમામ પ્રકારના ટેક્ષ ચુકવવાની જવાબદારી પરવાનેદારની રહેશે. તેમજ ઇજારો આપ્યા બાદ પરવાનેદાર માટેના નવા અમલમાં આવે તેવા કોઇપણ ટેક્સ કે જવાબદારીઓ અદા કરવાની ફરજ પરવાનેદારની રહેશે.

૨૬. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની જગ્યા/ મિલકતને કોઈ પ્રકારે નુકશાન થશે તો તે સિક્યુરિટી ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. અને તેમ છતાં બાકી રહેતી રકમ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ પરવાનેદાર પાસેથી કાયદેસરના પગલા લઈ વસુલ કરી શકાશે.

૨૭. લાગુ પડતા હોય તે તમામ સરકારી/અર્ધ સરકારી વેરા તથા જીએસટી વિગેરે કરવેરા પરવાનેદારે ભરવાના રહેશે.

૨૮. પાર્કિંગની જગ્યામાં પરવાનેદારે વાહનો સરળતાથી અવરજવર કરી શકે તથા વાહનોની અવરજવરથી ટ્રાફિકમાં અડચણ ન થાય તે રીતે વાહનો પાર્ક કરાવવાના રહેશે.

૨૯. પરવાનેદારે નિયત અવધિ પહેલાં પરવાનો છોડવો હશે તો પરવાનો છોડવાના ત્રણ માસ પહેલાં લેખિત જાણ કરવાની રહેશે. અને પરવાનો છોડતાં પહેલા પુરેપુરી લાયસન્સ ફી પરવાનેદારે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં ભરેલી હોવી જોઈએ. જે કોઇપણ સંજોગોમાં પરત મળશે નહી તથા સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૩૦. પરવાનેદાર દ્વારા પાર્કિંગ વાળી જગ્યામાં વાહનોની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. વાહનના ઇન્સ્યોરેન્સ ક્લેમની જવાબદારી પરવાનેદારની રહેશે. જેમ કે વાહનને આગ લાગે, તોફાન થાય, વાહન ચોરી થાય કે અન્ય કોઇપણ નુકશાન થાય તો તેની જવાબદારી પરવાનેદારે ભોગવવાની રહેશે. જે અંગે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૩૧. પાર્કિંગ ફી મુક્તિ અન્વયે ભવિષ્યમાં સત્તામંડળ સૂચવે/નિર્ણય મુજબ નીતિ લાગુ કરવાની રહેશે.અને તે માન્ય રાખવાની અને બંધનકર્તા રહેશે.

૩૨. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને જરૂર જણાયે સત્તામંડળના હુકમથી દિન-૧૫(પંદર)ની નોટીસ આપી કોન્ટ્રકટનો અંત લાવી શકશે. તથા તેનો કબજો મેળવી શકશે.

૩૩. સત્તામંડળને કોઈ ખાસ કારણસર પાર્કિંગની જગ્યાની જરૂર પડે તો તે જગ્યા સત્તામંડળ સૂચવે તે રીતે ઉપયોગ કરવા દેવાનો રહેશે. તે અંગે સત્તામંડળનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૩૪. સદરહુ પાર્કિંગની નિયત જગ્યામાં કોઈ એક ગાળામાં ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જીંગ સ્ટેશનની સુવિધા ઉભી કરવાની રહેશે. તે અંગેના દરો સરકારશ્રીના સંબંધિત વિભાગના ધારા ધોરણના આધારે નક્કી કરવાના રહેશે. અને તે અંગે જે કોઈ પરવાનગી મંજૂરીની જરૂર પડે તે પરવાનેદારે સ્વખર્ચે મેળવવાની રહેશે. તથા આગ સલામતી સુરક્ષાની જવાબદારી પરવાનેદારની રહેશે. તથા તે માટે જરૂરી જે કોઈ NOC/મંજુરી મેળવવાની હોય તે પરવાનેદારે મેળવવાની રહેશે. તથા NOC/મંજુરીની શરતોના પાલન તથા તે માટેની જરૂરી વ્યવસ્થા પરવાનેદારે કરવાની રહેશે. ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જીંગ સ્ટેશન માટે વીજ કનેક્શન પરવાનેદારે સ્વખર્ચે મેળવવાનું રહેશે. તથા તે અંગે ઔડાની સંમતિ રહેશે. પરંતુ વીજ કનેક્શન કે તેના બીલ વગેરેની જવાબદારી પરવાનેદારની રહેશે. તે અંગે સત્તામંડળની કોઈ જવાબદારી રહેશે નહી.

૩૫. ટેન્ડર મંજૂર કરવું કે નહી તે અંગે સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. કોઇપણ જાતનું કારણ આપ્યા વિના સત્તામંડળ ટેન્ડર નામંજૂર કરી શકશે અને તે નિર્ણય આખરી ગણાશે અને બંધનકર્તા રહેશે.

૩૬. પરવાનેદારે ટેન્ડરની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઈ પણ શરતોનો ભંગ થશે તો સત્તામંડળ પરવાનો રદ્દ કરશે અને ભરેલી સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૩૭. ઉપરોક્ત શરતોના અર્થઘટન બાબતે સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. આ બાબતમાં કોઈ વાદ વિવાદ ઉપસ્થિત થશે તો સત્તામંડળનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૩૮. પરવાનેદાર ગુનાહિત અથવા વિસ્ફોટક પદાર્થો રાખી શકશે નહી કે વેચાણ કરી શકશે નહી.

૩૯. કોઇપણ કાયદાકીય પ્રશ્ન માટે ન્યાયિક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

૪૦. ઉપર મુજબની શરતો અને બોલીઓમાં સંદિગ્ધતા જણાયે લેન્ડ ડીસ્પોઝલ પોલિસીમાં સમાવિષ્ટ હોય તે બાબતે પોલીસનું અર્થઘટન આખરી ગણાશે. તે સિવાયની બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ ચેરમેનશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

ટેન્ડરની ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ/ મંજૂર છે. તથા શરતો પ્રમાણે વર્તવાની હું આથી લેખિત બાંહેધરી આપું છુ.

તારીખ :

ઓફરદારની સહી

નામ: ............................................................

ઉંમર:-.......................................................

સરનામું:.......................................................

..............................................................

મો.નં.:............................................................

## અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના નીચે દર્શાવ્યા મુજબ રીંગ રોડ પર આવેલ ઓવરબ્રીજની નીચેના ગાળામાં/જગ્યામાં "પે એન્ડ પાર્ક"ના ધોરણે પાર્કિંગનો કોન્ટ્રાક્ટ આપવા માટેની જગ્યાઓની વિગતો દર્શાવતું પત્રક – 'બ'

| અનુ. નં. | ટેન્ડર નં. | પાર્કિંગની જગ્યાની વિગતો | પાર્કિંગની અંદાજીત ક્ષમતા | | વાર્ષિક અપસેટ વેલ્યુ(રૂપિયામાં) | અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|
| | | | ટુ વ્હીલર | ફોર વ્હીલર | | |
| ૧ | AUDA/Parking/01/2025-26 | ઓઢવ બ્રીજ | ૧૦૦૮ | ૨૨૪ | ૧૦,૦૮,૦૦૦/- | ૩૦,૩૦૦/- |
| ૨ | AUDA/Parking/02/2025-26 | દહેગામ- નરોડા બ્રીજ | ૪૬૮ | ૧૫૨ | ૫,૫૪,૪૦૦/- | ૧૬,૭૦૦/- |
| ૩ | AUDA/Parking/03/2025-26 | સનાથલ બ્રીજ | ૪૫૦ | ૨૫૨ | ૭,૨૩,૬૦૦/- | ૨૧,૮૦૦/- |

# નિયત પે એન્ડ પાર્કના મહત્તમ દરોનું પત્રક- " અ "

**(બોર્ડ બેઠક નં.૨૮૭, ઠરાવ ક્રમાંક:૧૬(૨૦૨૨-૨૦૨૩) થી મંજુર)**

| અ. નં. | વાહનનો પ્રકાર | લઘુત્તમ અને ૧ કલાક સુધી | ૧ કલાક થી ૨ કલાક સુધી | ૨ થી ૬ કલાક સુધી | ૬ થી ૧૨ કલાક સુધી | ૧૨ થી ૧૮ કલાક સુધી | ૧૮ થી ૨૪ કલાક સુધી |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ત્યાર બાદ દર કલાકના કલાકે કે તેના ભાગ દીઠ પરંતુ વધુમાં વધુ ચાર કલાક સુધી પાર્કિંગ ફી નું ધોરણ | ત્યાર બાદ દર કલાકના કલાકે કે તેના ભાગ દીઠ પરંતુ વધુમાં વધુ છ કલાક સુધી પાર્કિંગ ફી નું ધોરણ | ત્યાર બાદ દર કલાકના કલાકે કે તેના ભાગ દીઠ પરંતુ વધુમાં વધુ છ કલાક સુધી પાર્કિંગ ફી નું ધોરણ | ત્યાર બાદ દર કલાકના કલાકે કે તેના ભાગ દીઠ પરંતુ વધુમાં વધુ છ કલાક સુધી પાર્કિંગ ફી નું ધોરણ |
| ૧ | સાયકલ | રૂ. ૧/- | રૂ. ૧/- | રૂ. ૧/- | રૂ. ૨/- | રૂ. ૧/- | રૂ. ૧/- |
| ૨ | સ્કુટર, મોટર સાયકલ | લઘુત્તમ અને ૨ કલાક સુધી રૂ. ૫/- | | રૂ. ૩/- | રૂ. ૨/- | રૂ. ૨/- | રૂ. ૧/- |
| ૩ | કાર | લઘુત્તમ અને ૨ કલાક સુધી રૂ. ૧૫/- | | રૂ. ૮/- | રૂ. ૫/- | રૂ. ૫/- | રૂ. ૨/- |
| ૪ | મીડીયમ ગુડ્ઝ વ્હીકલ | રૂ. ૫૦/- | રૂ. ૩૦/- | રૂ. ૨૦/- | રૂ. ૧૫/- | રૂ. ૧૦/- | રૂ.૫/- |
| ૫ | હેવી ગુડ્ઝ વ્હીકલ | રૂ. ૭૫/- | રૂ. ૫૦/- | રૂ. ૩૦/- | રૂ. ૨૦/- | રૂ. ૧૫/- | રૂ.૧૦/- |